કેન્દ્ર સરકારના ૧૦૦% ફાળા વાળી નેશનલ
એકશન પ્લાન ફોર ડ્રગ્ઝ ડીમાન્ડ રીડક્શન
યોજના ( NAPDDR) અમલ કરવા રૂ.૨૨૫.૦૦
લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી
આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૨૦૧૯/૨૫૦૨૫૯/છ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૧/૦૯/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દીલ્હી, ભારત સરકારનો તા.૦૧/૦૨/૨૦૧૯નો D.O letter No ૭-૪/૨૦૧૮-DP-II.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય,નવી દિલ્હી, ભારત સરકારનો તા.૨૦/૦૨/૨૦૧૯ના હુકમ ક્રમાંક નં.૭/૪/૨૦૧૮/DP-II.

(૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરનો તા.૨૪/૦૬/૨૦૧૯નો પત્ર ક્રમાંક:સસુખા/સીપીડી/NAPDDR/ નવી બાબત /૨૦૧૯-૨૦/૧૧૦૩.

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરનો તા.૦૫/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક: સસુખા/યજન/ નવી બાબત /૨૦૧૯-૨૦/૩૫૮.

(૫) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગાંધીનગરનો તા.૦૫/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંક: સસુખા/યજન/ નવી બાબત /૨૦૧૯-૨૦/૧૯૮૯

493
16/9/19
CPD

આમુખ:-

ભારતના બંધારણની કલમ ૪૭માં જોગવાઈ કરવામાં આવી છે કે લોકોમાં પોષણની કક્ષામાં સુધારો બનાવવા માટે તેમજ દેશના લોકોમાં જીવન ધોરણમાં સુધારો લાવવાના ઉદેશ્યથી તેમજ જાહેર આરોગ્યની બાબત સરકારશ્રીની પ્રાથમીક ફરજ હોવાથી અને વિશેષત: સરકાર માત્ર તબીબી હેતું માટે જરૂરી ન હોય તેવા સંજોગોમાં દારૂ અને કેફી પીણા જે આરોગ્ય માટે હાનીકારક હોય તેની ઉપર પ્રતિબંધ લાદશે. નશીલા દ્રવ્યો અને મનોરોગી પદાર્થો સબંધિત અધિનિયમ- ૧૯૮૫ પસાર કરવામાં આવ્યો તેનો હેતું નશીલા દ્રવ્યોનો દુરુપયોગ રોકવાનો હતો. આ અધિનિયમના કાર્યક્ષેત્ર અનુસાર "Narcotic" એટલે કોકેઇનના પાન, ગાંજો, અફીણ, ખસખસના ડોડા અથવા આ પદાર્થોમાંથી બનાવેલ દ્રવ્યો તે જ રીતે Psychotropic Substance એટલે કુદરતી કે કૃત્રીમ એવો કોઇપણ પદાર્થ કે

નિયામક, સમાજ સુરક્ષા ગ. રા. ગાંધીનગર
આવક રજી. નં 2827
તા: 13/9/19
CPP

Scanned by CamScanner

દ્રવ્ય કે મીઠા જેવો પાવડર જેની યાદી અનુસુચિમાં દર્શાવાય છે. આ કાયદાની કલમ – ૭૧ થી નશીલા દ્રવ્યોના વ્યસનીઓની ઓળખ અને સારવાર માટે કેન્દ્રોની સ્થાપના કરવામાં આવે છે. ભારત સરકારે સંયુક્ત રાષ્ટ્રો સાથે ત્રણ કરારોમાં સહિ કરેલ છે. (૧) ૧૯૬૧ નો નાર્કોટિક ડ્રગ સબંધિત કરાર (૨) ૧૯૭૧નો સાઇકોટ્રોપીક પદાર્થો સબંધિત કરાર (૩) નાર્કોટિક ડ્રગ અને સાઇકોટ્રોપીક પદાર્થોની ગેરકાયદેસર હેરફેર થતી રોકવા સબંધિત ૧૯૮૮નો કરાર. આમ આ કરારથી કેફી દ્રવ્યોના દુરુપયોગ અને વ્યસનમુક્ત પદાર્થો ઉપર નિયંત્રણ રાખવાની તેના શિક્ષણ, જાગૃતિ, તાલિમ અને પુન:સ્થાપનની ભારત સરકારની સાથે રાજ્ય સરકારોની જવાબદારી પણ બને છે.

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હી દ્વારા નેશનલ એકશન પ્લાન ફોર ડ્રગ્ઝ ડીમાન્ડ રીડક્શન યોજના ( NAPDDR) (૨૦૧૮-૨૦૨૩)અમલમાં મુકવામાં આવેલ છે. ગુજરાત રાજ્યમાં ( NAPDDR ) યોજના અમલ કરવા રાજ્ય કક્ષાએ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગને નોડલ વિભાગ જાહેર કરેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૧)ના પત્રથી ભારત સરકાર દ્વારા નેશનલ એકશન પ્લાન ફોર ડ્રગ્ઝ ડીમાન્ડ રીડક્શન યોજના ( NAPDDR) (૨૦૧૮-૨૦૨૩) ગાઇડલાઇન મોકલી આપવામાં આવેલ છે. આ (NAPDDR) યોજના ગુજરાત રાજ્યમાં રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને ગ્રામ્ય કક્ષાએ અમલીકરણ હેતું સરકારના જુદા-જુદા વિભાગો/ખાતાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ/ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ જે આવા ક્ષેત્રમાં કાર્યરત હોય તેવી કામગીરી કરતી હોય તેનો સહયોગ લઇ સદર યોજનાનો રાજ્યમાં અમલ કરવાનો થાય, જેમાં નશાબંધી યુક્ત પદાર્થો અને કેફી દ્રવ્યોનો દુરુપયોગ અટકાવવા તેના શિક્ષણ, જાગૃતિ, તાલિમ અને પુન:સ્થાપન માટે દર વર્ષે તેનો વાર્ષિક પ્લાન બનાવીને ભારત સરકારમાં મોકલી આપવા જણાવેલ છે.જે અન્વયે વર્ષ ૨૦૧૮-૧૯ના કુલ રૂ.૨,૨૫,૦૦,૦૦૦/- ના બજેટની સામે વંચાણે લીધેલા ક્રમાંક (૨) ના પત્રથી ભારત સરકાર દ્વારા ગુજરાત સરકારને રૂ.૧,૧૨,૫૦,૦૦૦/- ની ગ્રાન્ટ ફાળવેલ છે.

કેન્દ્ર સરકારના ૧૦૦% ફાળા વાળી નેશનલ એકશન પ્લાન ફોર ડ્રગ્ઝ ડીમાન્ડ રીડક્શન યોજના ( NAPDDR) અમલ કરવા વર્ષ ૨૦૧૯-૨૦ના અંદાજપત્રમાં મંજૂર રહેલ નવી બાબતની રૂ.૨૨૫.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરની ક્રમાંક (૪) અને (૫) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક (૩) થી (૫) પરના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને કેન્દ્ર સરકારના ૧૦૦% ફાળા વાળી નેશનલ એકશન પ્લાન ફોર ડ્રગ્ઝ ડીમાન્ડ રીડક્શન યોજના ( NAPDDR) અમલ કરવા રૂ.૨૨૫.૦૦ લાખનો ખર્ચ કરવાની નીચેની વિગતો /શરતોને અધીન આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.



Scanned by CamScanner

શરતો-

(૧) ભારત સરકારની નેશનલ એક્શન પ્લાન ફોર ડ્રગ્ઝ ડીમાન્ડ રીડક્શન યોજના (NAPDDR) (૨૦૧૮-૨૦૨૩)ની ગાઈડ લાઈન ધ્યાનમાં લઈ આ યોજનાનો અમલ કરવાનો રહેશે.

(૨) NAPDDR યોજનાની અમલીકરણ બાબતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વિભાગની મંજૂરી મેળવી નોડલ એજન્સી નક્કી કરી તેના મારફતે આ કામગીરી કરાવવાની રહેશે અને તે અંગેની ગ્રાન્ટ નોડલ એજન્સીને ફાળવવાની રહેશે.

(૩) NAPDDR યોજના ગુજરાત રાજ્યમાં રાજ્ય કક્ષાએ, જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને ગ્રામ્ય કક્ષાએ અમલીકરણ હેતું સરકારના જુદા-જુદા વિભાગો/ખાતાઓ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ/ વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ જે આવા ક્ષેત્રમાં કાર્યરત હોય તેવી કામગીરી કરતી હોય તેનો સહયોગ લઇ સદર યોજનાનો રાજ્યમાં અમલ કરવાનો રહેશે.

(૪) નશાબંધી યુક્ત પદાર્થો અને કેફી દ્રવ્યોનો દુરુપયોગ અટકાવવા તેના શિક્ષણ, જાગૃતિ, તાલિમ અને પુન:સ્થાપન માટે જરૂરિયાત મુજબ વાર્ષિક પ્લાન બનાવીને ભારત સરકારમાં મોકલી આપવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયેનો ખર્ચ વંચાણે લીધેલા ભારત સરકારના વંચાણે લીધેલ ક્રમાંક (૨) પરના તા.૨૦.૦૨.૨૦૧૯ના પત્રથી જણાવેલ શરતોને અધીન તેમજ ભારત સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમો/જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૭) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૮) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૯) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિંત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૦) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

Scanned by CamScanner

(૧૩) આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.
માંગણી નં.૯૨ પ્લાન,૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ,૦૨ – સમાજ કલ્યાણ,૧૦૬- સુધારણા લક્ષી સેવાઓ,૦૪ SSW ૧૫ NAPDDR નેશનલ એકશન પ્લાન ફોર ડ્રગ્ઝ ડીમાન્ડ રીડકશન યોજના (કેન્દ્ર પુરસ્કૃત યોજના)

આ મંજૂરી આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૬/૦૮/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. કે. પાંડર )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં-૧૬, ડો જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી સમાજ સુરક્ષા,બ્લોક નં-૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/ બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner